PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૭/કવા–૦૧/૧૮–૧૯/ 4763(8) તા. 29-5-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ગીરધનભાઈ છગનભાઈ અઘેરા,
૧૦૪ – આહિર શેરી વિસ્તાર,
ગામ: ચુડવા
તા.માણાવદર ,
જી: જુનાગઢ
મો: ૯૯૭૯૩ ૬૧૦૨૩ – ૬૩૫૧૨૩૫૪૨૪

**વિષય :–ખેતીવાડી વીજ જોડાણ મેળવવા બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૦૩–૦૪–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૦૭/કવા–૦૧/૧૮–૧૯ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૨ જુનાગઢ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી નં–૨,માણાવદર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૦૭/કવા–૦૧/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૧૫–૦૫–૧૮ | સ્થળ : જુનાગઢ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: ગીરધનભાઈ છગનભાઈ અઘેરા, ગામ: ચુડવા**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી ગીરધનભાઈ છગનભાઈ અઘેરા હાજર રહેલ હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી નં–૨,માણાવદર (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૨ જુનાગઢ)**

**રજુઆત કરનાર :પી.પી.વોરા – કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૨ જુનાગઢ**

## : હુકમ :

**ફરીયાદ : ખેતીવાડી વીજ જોડાણ મેળવવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓએ તા.૧૫–૧૨–૧૭ ના રોજ રૂ.૧૫,૧૩૦/– ભરપાઈ કરેલ છે. પરંતુ, આજદિન સુધી તેઓના જોડાણ નુ કંઈપણ કામ થયેલ નથી. તથા તેઓના પછી રૂપિયા ભરપાઈ કરાયેલા નુ કામ પણ થઈ ગયુ છે. તેઓના પાકની વાવણી માટે – તેઓનુ ખેતીવાડી વીજજોડાણ વહેલા અપાવવા માટે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | • (૧) અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી ગીરધનભાઈ છગનભાઈ અઘેરા, ગામ: ચુડવા રે.સ. નં. – ૪૨ પૈકી ૨ મા – ૧૦ હોપા નુ ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે તા.૨૧–૦૯–૨૦૦૦ ના રોજ નોંધણીચાર્જ ભરપાઈ કરેલ છે. અગ્રતાક્રમ મુજબ – સદર અરજદાર નો વારો આવતા – અરજદાર દ્રારા સર્વે નંબર: ૪૨ પૈકી ૩ મા આવેલ બોર મા નવુ વીજજોડાણ નામ બદલી સાથે શીફટીંગ કરવાનુ જણાવતા – પીજીવીસીએલ કક્ષાએથી સદર બાબતે જરૂરી મંજુરી મેળવી ડાર્કઝોન હેઠળ ના નિયમ મુજબ – તા.૦૫–૧૨–૧૭ ના રોજ રૂ.૧૪,૧૨૦/–નુ ભાવપત્રક મોકલાવેલ – જે અનુસંધાને અરજદાર દ્રારા સદર ભાવપત્રક રસીદ નંબર: ૩૬૬૫૦૬ થી ૦૮ મુજબ – તા.૦૫–૧૨–૧૭ ના રોજ કરારનામુ કરી અને ભરપાઈ કરાયેલ.<br>• (૨)સદર વીજજોડાણ ની કામગીરી અંગે – કોન્ટ્રાકટર ને કામગીરી ની સોપણી મુજબ – તા.૨૦–૧૨–૧૭ ના રોજ – સ્થળ ઉપર જતા – અમૃતલાલ ખીમજીભાઈ અઘેરા દ્રારા વાંધો લીધેલ, જે લેખીત મા વાંધા લેનાર દ્રારા – જે અન્વયે સબંધક કચેરી ના જુનીયર ઈજનેર તેમજ કોન્ટ્રાકટર સાથે સ્થળ ની મુલાકાત લીધેલ – તેમ છતા – વાંધો લેનાર દ્રારા તા.૨૪–૦૧–૧૮ ના રોજ ફરીથી વાંધા અરજી આપેલ.<br>• (૩)સદર અરજદાર ને પત્ર તા.૦૧–૦૧–૧૮ ના રોજ – વેકલીયરન્સ બાબતે ની નોટીસ પાઠવેલ છે.<br>• (૪) વાંધો લેનાર અમૃતલાલ / ભરતભાઈ ખીમજીભાઈ અઘેરા ને રૂબરૂ સ્થળ ઉપર વાંધા પતાવટ માટે ફરી પ્રયત્ન કરેલ, પરંતુ, તેઓ સંમત થયેલ ન હોવાથી– તેઓને પત્ર તા.૦૪–૦૪–૧૮ ના રોજ -- સદર કામગીરી નિયમાધીન ન જ હોય – વાંધા અરજી પરત ખેચવા / રદ કરવાની જાણકારી આપેલ. ત્યારબાદ તા.૦૯–૦૪–૧૮ ના રોજ અન્ય ભાઈ ભરતભાઈ ખીમજીભાઈ અઘેરા દ્રારા વાંધા અરજી આવેલ. |

| | |
|---|---|
| . | • (૫) આમ, વાંધા અંગેનુ નિરાકરણ ન થતા – પેટા વીભાગીય કચેરી નં–૨,માણાવદર ના નાયબ ઈજનેર દ્વારા – ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ સાહેબ – જુનાગઢ ને અરજી પત્ર ક્રમાંક – ૩૬૬૦ તા.૦૮–૦૫–૧૮ ની દરખાસ્ત મોકલી આપવામા આવેલ છે. જે દરખાસ્ત નો ઉકેલ આવ્યે – સદર અરજદાર ને વીજજોડાણ આપવા બાબતે ની કાર્યવાહી હાથ ધરવામા આવશે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નિયમાધીન કાર્યવાહી કરાયેલ છે. જે મુદદા ન. ૨.૧ ના પેટા મુદદા નં.૨.૫ મુજબ ની વિગતે ન્યાયિક પ્રક્રીયા હેઠળ –ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ સાહેબ – જુનાગઢ ની કચેરીમા પડતર છે. આમ, નામ.જીઈઆરસી ના પ્રવર્તમાન નોટીફીકેશન નં: ૦૨/૨૦૧૧ નાં મુદા નં: ૨.૩૦ (૧) માં કરાયેલ જોગવાઈ મુજબ સદર પ્રકારના – કેઈસ ના નિકાલ ની કામગીરી અત્રે ના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સતા ક્ષેત્ર બહાર હોય , આ બાબતે અત્રે તરફથી વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોવાથી, અત્રે ના ફોરમ તરફથી આપશ્રી તરફથી મળેલ ઉપરોક્ત સંદર્ભ મુજબની ફરીયાદ અરજી દફતરે કરવામાં આવે છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે ની બન્ને પક્ષકારો ને જાણકારી આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**ગેરહાજર**
**(એન.ડી.ધામેલીયા)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.**